## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સીસ્ટર... બાટલો ચડાવવા આટલી મહેનત શા માટે કરો છો...? મને એક બાટલી આપી દો એની મેળે ચડી જશે....!!!

# નોટબંધીના પગલે મંદિરોના દાનમાં ૪૦ ટકા ઘટાડો

### મંદિરો અને અન્ય ધાર્મિક સ્થાનોની આવક નોટબંધીના કારણે ઘટી ગઈ : ધાર્મિક પ્રવાસન સ્થળોની મુલાકાતો પણ ઘટી : પ્રવાસો રદ થયા

ગાંધીનગર, તા. ૧૯

૫૦૦ અને ૧૦૦૦ રૂ.ની નોટો બંધ થતાં બધા જ ક્ષેત્રોમાં મંદી આવી ગઈ છે. મંદીની મારથી ધાર્મિક સ્થાનો પણ બાકાત રહ્યા નથી. ગુજરાતના મંદિરો અને ધાર્મિક સ્થાનોની આવકમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે.

છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં આર્થિક ભૂકંપ આવી ગયો છે. ૫૦૦ અને ૧૦૦૦ રૂ.ની નોટો બંધ કરી તેના સ્થાને ૨૦૦૦ રૂ.ની અને ૫૦૦ રૂ.ની નવી નોટો બહાર પાડવામાં આવી છે. લોકો બેંકોની બહાર લાઈન લગાવી જુની નોટો બદલાવી રહ્યા છે. તમામ નાના મોટા ઉદ્યોગ ધંધા પર તેની અસર પડી છે. તમામ ક્ષેત્રો ભારે મંદીનો સામનો કરી રહ્યા છે. મોટી નોટો બંધ થવાથી મંદિરો અને ધાર્મિક સ્થાનોનો ધર્માદો ઘટી ગયો છે. એક અહેવાલ મુજબ દાનના પ્રવાહમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. મંદિરોમાં હવે જે દાન કરવામાં આવે છે તે નાની નોટોના સ્વરૂપમાં જ કરવામાં આવે છે. ૫૦૦ રૂ.ની નવી નોટ હજુ બજારમાં ઉપલબ્ધ બની નથી. ૨૦૦૦ રૂ.ની નવી નોટના છુટ્ટા મળતા ન હોવાથી તેનો ઉપયોગ ખુબ સિમિત બની ગયો છે. ૫૦૦ રૂ.ની નોટ જ્યારે ચલણમાં હતી ત્યારે લોકો ખુબ જ આસાનીથી ૫૦૦ રૂ.ની નોટ દાનપેટીમાં નાંખી દેતા હતા કે મંદિરોના મહંત અને સાધુ સંતોને આપી દેતા હતા. હવે દાન અપાય છે પરંતુ તે ૧૦૦, ૨૦૦, ૩૦૦ સુધી સિમિત બની ગયું છે.

ધાર્મિક સ્થાનોની આવક ઘટવાનું એક મોટુ કારણ એ પણ છે કે છેલ્લા કેટલાય દિવસોથી લોકોએ પ્રવાસન સ્થળો અને ધાર્મિક સ્થાનોની મુલાકાતો ઓછી કરી નાંખી છે. શ્રદ્ધાળુઓથી ભરચક રહેતા ધાર્મિક સ્થાનો સુમસામ ભાસી રહ્યા છે. મુલાકાતીઓનો પ્રવાહ ઘટતા સ્વાભાવિક રીતે જ આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ધાર્મિક પ્રવાસો રદ થઈ રહ્યા છે. સોમનાથ, દ્વારકા, અંબાજી અને બેચરાજી જેવા સુપ્રસિદ્ધ યાત્રાધામોમાં પ્રવાસીઓ અડધોઅડધ જેવા થઈ ગયા છે. નોટબંધીની અસરથી ધાર્મિકસ્થાનો પણ બાકાત નથી.

## લગ્નોની પણ રોશન ઝાંખી થઈ

લગ્નોની સીઝનના પ્રારંભે જ નોટબંધી અમલી બનાવાતા લગ્નોની રોનકમાં ઘટાડો આવ્યો છે. જમણવારમાં મિષ્ઠાનોની સંખ્યા ઘટી છે. નાણાંના અભાવે ઘણા લગ્નો પાછા ઠેલાયા છે. દિવાળી બાદ દેવઉઠી એકાદશીથી લગ્નોની સીઝન શરૂ થઈ છે. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થતા જ તેની સીધી અસર લગ્નો પર દેખાઈ રહી છે. લગ્ન માટે રોકડ રકમ ઉપાડનાર પરિવારો ખુબ જ કપરાં દિવસો પસાર કરી રહ્યા છે. લગ્નનો આનંદ માણવાને બદલે તેઓ નોટ બદલાવવાની ચિંતા કરી રહ્યા છે અથવા તો બેંકમાંથી કેટલી રકમ ઉપાડવી તેની પળોજળમાં પડ્યા છે. રોકડ રકમ હાથ પર ન હોવાથી લગ્નોની ખરીદી ધીમી પડી છે. લગ્નોની સિઝન દરમ્યાન જ આ પરિસ્થિતિ સર્જાતા જેમના ઘરમાં લગ્નો છે તેવા ઘણા પરિવારોએ પોતાના પ્રસંગને પાછળ ઠેલવી દીધો છે.

લગ્નના ભોજન સમારંભો પણ ફીકા બન્યા છે. મિષ્ઠાન અને ફરસાણની સંખ્યા ઘટાડવામાં આવી છે. મંડપ ડેકોરેશનના ભપકાઓ ઓછા કરી ખર્ચાઓ ઓછા કરવામાં આવી રહ્યા છે. કેટલાકે આમંત્રિતોના લીસ્ટને ટુંકાવવાનું શરૂ કરી દીધુ છે. નોટબંધીથી લગ્નો પણ બાકાત રહ્યા નથી. મંડપ ડેકોરેટર્સ અને કેટર્સના વ્યવસાયને ખુબ મોટી અસર પડી છે.

## એસબીઆઈમાં ૫૦૦-૧૦૦૦ની ૧૩૮ નકલી નોટો જમા થઈ

### કલોલ, માણસા, દહેગામ અને ઈન્ફોસીટી બ્રાન્ચમાં જાન્યુઆરીથી ઓગષ્ટ દરમિયાન ૧૩૮ નકલી નોટ જમા થતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૯

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કલોલ મુખ્ય શાખા તથા માણસા દહેગામ અને ઈન્ફોસીટીની શાખાઓમાં જાન્યુઆરીથી ઓગષ્ટ-૨૦૧૬ દરમ્યાન રૂ.૫૦૦-૧૦૦૦ની ૧૩૮ નકલી નોટો જમા થઈ જવા પામી છે. બેંકના અધિકારી પંકજભાઈ પ્રમાણીએ આ મામલે કલોલ શહેર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આઈપીસી કલમ ૪૮૯ હેઠળ ગુનો દાખલ કરી એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલે તપાસ શરૂ કરી છે. બેંકોમાં રૂ. ૫૦૦ની ૭૭ અને રૂ. ૧૦૦૦ની ૬૧ની નકલી ચલણી નોટો જમા થઈ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. નોંધનીય બાબત એ છે કે ૫૦૦૦-૧૦૦૦ની નોટો રદ થયા બાદ કરોડો રૂપિયા બેંકોમાં જમા થયા છે. આ સમય દરમ્યાન સંખ્યાબંધ નકલી નોટો જમા થઈ હોવાની પણ શક્યતા છે.

## રાજ્યના જુદા જુદા વેરાઓ જુની નોટમાં નિયત કેન્દ્રો પરથી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૧૯

ભારત સરકાર દ્વારા રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦૦ની ચલણી નોટો વિનિમયમાંથી બંધ થવાની પરિસ્થિતિમાં નાગરીકોને રાજ્ય સરકારના જુદા જુદા વેરાઓ-કર, ફી, દંડ, સુવિધા શુલ્ક જેમ કે વેટ, સ્ટેમ્પડ્યુટી, મનોરંજનકર, લકઝરી ટેક્ષ, ઈલેક્ટ્રીસીટી ડ્યુટી, ખાણ ખનીજ રોયલ્ટી, પાણી અને વીજળી બીલો, સિંચાઈના બીલો, મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વેરાઓ, વાહનટેક્ષ વગેરેની ચૂકવણી કરવામાં મુશ્કેલીઓ ન પડે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યના નાગરીકોને મદદરૂપ થવાના હેતુસર આ ઉક્ત તમામ વેરાઓ રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦૦ની જુની ચલણી નોટોથી પણ સરકાર માન્ય કેન્દ્રો, નિયત કરેલ બેન્કો પરથી ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ માટે નિયત બેન્કો ઉપર અલગ કાઉન્ટર તેમજ અલગ લાઈનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ માટેની વિગતો અને સૂચનાઓ સંબંધિત સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સુવિધા શુલ્કની કચેરીઓની વેબસાઈટ તેમજ હેલ્પડેસ્ક પરથી ઉપલબ્ધ થઈ શકશે. આ વૈકલ્પિક વ્યવસ્થા તા. ૨૪-૧૧-૧૬ રાત્રીના ૧૨ વાગ્યા સુધી ઉપલબ્ધ છે, જેનો લાભ લેવા સર્વે નાગરિકોને નાણા સચિવશ્રી, નાણા વિભાગની યાદીમાં જણાવાયું છે.

## રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને સ્વતંત્રતા અને અખંડિતતાના શપથ લેવડાવાયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ આજે રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની સ્વતંત્રતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવ પ્રતિષ્ઠાન, નવી દિલ્હીના ઉપક્રમે કોમી સદભાવ, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવનાને સુદૃઢ બનાવવાના ઉદ્દેશથી પ્રતિવર્ષ ૧૯મી નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી કોમી એકતા અને સદભાવના સપ્તાહ દેશભરમાં મનાવવામાં આવે છે. તેના ભાગરૂપે રાજયમાં પણ આ સપ્તાહ નિમિત્તે વિવિધ થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.



## કોંગ્રેસ દ્વારા ઈન્દીરાજીને પુષ્પાંજલિ

વિશ્વના લોખંડી મહિલા અને ભારતના દિવંગત વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીની ૧૦૦મી જન્મ જયંતીએ આજ રોજ ૧૯-૧૧-૨૦૧૬ સવારે ૧૦:૦૦ કલાકે કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે પુષ્પાંજલી આપવવાનો કાર્યક્રમ ગાંધીનગર શહેર અને જિલ્લા દ્વારા સંયુક્તરૂપે યોજાયો હતો. જેમાં સ્વર્ગીય ઈન્દિરાજીના ભારતના સફળ વડાપ્રધાન તરીકે સેવાના ૧૭ વર્ષના શાસનને વક્તાઓએ બિરદાવ્યું હતું અને તેમણે ચિંધેલા માર્ગ ઉપર મજબૂત મનોબળ સાથે ચાલવા માટેનો ઉપસ્થિત સૌ કાર્યકરો-આગેવાનોએ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિક શાહ, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ પટેલ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ભરતભાઈ પટેલ,જે.ડી.ચારેલ, ચિમનભાઈ વિંઝુડા, કિર્તિબેન પટેલ, ભાનુમતિબેન રોહિત, જીતેન્દ્રસિંહ સોલંકી, ભાવેશ દેસાઈ, મંગળસિંહ સોલંકી, સુહાગ પંચાલ, અશોક શ્રીમાળી, સવિતાબા ડાભી સહિતના આગેવાનો ઉપસ્થિત રહી સ્વ. ઈન્દિરાજીને ભાવભરી પુષ્પાંજલી અર્પણ કરી હતી. તેવું જિલ્લા કોંગ્રેસના મહામંત્રી વિષ્ણુભાઈ પટેલ તથા શહેર કોંગ્રેસના મંત્રી અશ્વિનભાઈ દવેએ સંયુક્તપણે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવામાં તંત્ર ગંભીર બને નહિ તો શિક્ષાત્મક કાર્યવાહી થશે : વિંઝુડા

### સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કાયદાનો અમલ જરૂરી છે. ડોડિયા ; વન વિભાગે ટ્રીમીંગ મશીન જબ્બે કોંગ્રેસના કાઉન્સીલર લઈ ગયા એટલે કર્યુ : હસમુખભાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મનપાએ તેની લેન્ડફિલ્ડ સાઈટ માટે હવે ઝડપથી કાર્યવાહી કરવી જોઈએ નહિ તો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આપણી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી શકે છે. તેમ કોંગીના ચીમન વિંઝુડાએ આજે સામાન્ય સભામાં જણાવ્યુ હતુ.

ગોવામાં શુ ભણીને આવ્યા? કેવો રહ્યો અનુભવ? તેવો સામાન્ય સભામાં મેયર પ્રવિણ પટેલે કરેલા પ્રશ્નના ઉત્તરમાં કોંગીના ચીમન વિંઝુડાએ ઉપર મુજબ જણાવતાં કહ્યું હતું કે નદીના કોતરમાં કચરો નાખવો એ ગુનો છે. આપણે હવે આ દિશામાં ઝડપથી કાર્યવાહી કરવાની જરૂર છે.

કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તાલિમ આપવા આવેલા મહાનુભાવોના વક્તવ્યો ખુબ જ સારા અને અનુભવના નિચોડ સમાન હતા તેવું જણાવી તાલિમને લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

ભાજપના ધીરૂભાઈ ડોડિયાએ જણાવ્યુ હતુ કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના કાયદાઓના અમલ માટે આપણા તંત્રને સજ્જ થવાની તાતી જરૂરિયાત છે. તેમણે આ બાબતે આગ્રહ કરી જણાવ્યું કે સ્વચ્છતા મિશનની માત્ર વાતોથી નહિ ચાલે વાસ્તવિક અમલીકરણ કરવુ જરૂરી છે. તાલિમમાં ઘણી બધી નવી બાબતો જાણવા મળી હોવાનો પણ એકરાર કર્યો હતો. આજે સામાન્ય સભાની કામગીરી એજન્ડા પરની ઝડપથી પુરી થઈ ગઈ હતી. કોંગીના અંકિત બારોટે વન વિભાગ દ્વારા કબ્જે લેવાયેલા ટ્રીમીંગ મશીનનો મુદ્દો ઉઠાવ્યો હતો.

તંત્રએ ખુલાસો કરવાનો પ્રયત્ન કર્યો હોત કે વાત સાચી છે. ૪ ઈંચથી વધુ ડાળ આપણે કાપી શકતા નથી. અને વન વિભાગની પૂર્વ મંજૂરી જરૂરી છે. સાંજ સુધી મશીન મુક્ત થઈ જશે તેવી હૈયાધારણ પણ તંત્ર તરફથી સભ્યોને આપવામાં આવી હતી. આ મુદ્દે કોંગીના જ હસમુખ મકવાણાએ જણાવ્યુંહતુંકે વન વિભાગ ટ્રીમીંગ કરતુ નથી અને લોકો પરેશાન થઈ રહ્યા છે. ભાજપના કાઉન્સીલરો ટ્રીમીંગ માટે લઈ જાય ત્યારે વન વિભાગ સૂઈ જાય અને કોંગ્રેસના કાઉન્સીલર લઈ જાય તો મશીન જપ્ત કરાય આ વલણ વ્યાજબી નથી.

## બાળ અધિકારો અને બાળ તંદુરસ્તીની જાગૃતિમાં મીડિયાની સરાહનીય ભૂમિકા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે ગુજરાત પ્રેસ અકાદમી, યુનિસેફ અને જિલ્લા માહિતી કચેરી દ્વારા આયોજિત ' તંદુરસ્ત બાળ-ઉજજવળ આવતીકાલ ' પરિસંવાદનું દીપ પ્રગટવી ઉદઘાટન કર્યા બાદ માહિતી નિયામક શ્રી એ. જે. શાહે જણાવ્યું હતું કે, બાળ તંદુરસ્તી અને બાળ કલ્યાણ માટે ઉદબોધનમાં જણાવ્યું હતું કે, બાળકલ્યાણ માટેના સરકારના પ્રયાસને વધુ બળ આપવા માટેનું મિડીયા એક શક્તિશાળી માધ્યમ છે. બાળકોના વિકાસ અને બાળ અધિકારો પ્રત્યે ગ્રામીણ ક્ષેત્રોમાં મિડીયા દ્વારા વ્યાપક પ્રચાર થાય અને બાળ તંદુરસ્તી, આરોગ્ય, ચાઈલ્ડ પ્રોટેકશન, વાયોલન્સ વગેરે વિષયોને આવરી લઈ બાળકોના સર્વાંગી અને બાળ તંદુરસ્તી અને ઉજજવળ ભાવિ પેઢી અને તંદુરસ્ત સમાજ ઘડતરના કાર્યોમાં વ્યાપક પ્રચાર-પ્રસાર થાય તેવા પરિણામલક્ષી પ્રયત્નો થઈ રહ્યાં છે.

આ પ્રસંગે યુનિસેફ (કર્ણાટક)ના હેલ્થ સ્પેશિયાલીસ્ટ ડૉ. નારાયણ ગાંવકરે, ગુજરાતમાં આરોગ્ય અને પોષણક્ષમ આહાર સંદર્ભે ગુજરાત સરકારે કરેલી પહેલ




તથા બાળ અધિકારો ક્ષેત્રે સારી કામગીરી થાય અને સામાજિક જવાબદારી દ્વારા મીડિયા પોતાની નોંધપાત્ર ભૂમિકા અદા કરે તો શ્રેષ્ઠ પરિણામો હાંસલ થઈ શકે છે. બાળ તંદુરસ્તી અંગે રાજ્ય સરકારના વિવિધ પગલાઓ અંગે શ્રી શાહે જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારે શાળા આરોગ્ય કાર્યક્રમોથી માંડીને ચિરંજીવી યોજના તથા બાલભોગ જેવી અનેક યોજનાઓ દ્વારા રાજ્યના બાળકોના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે સજાગ અને પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે.

યુનિસેફના સી.એફ.ઓ ડૉ. લક્ષ્મીભવાનીજીએ પ્રાસંગિક ઉત્થાન માટે રાજય સરકારના પ્રયાસોની સાથે સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓ પણ જોડાય તે જરુરી છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત મિશન અભિયાન ક્ષેત્રે દેશમાં શ્રેષ્ઠ પ્રયાસો થયા છે, તેમાં મીડિયાની ભૂમિકાની સરાહના કરી હતી.

ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, મીડિયા માસ ટીચર છે. માસ એજ્યુકેશનની મુવમેન્ટ માટે આ પ્રકારના સેમિનારોનો મહત્વપૂર્ણ રોલ હોય છે, ત્યારે ગુજરાતમાંથી કુપોક્ષણ નાબુદી અભિયાન વધુ તેજ રફતારથી ચાલે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. યુનિસેફના તજજ્ઞ શ્રીમતી વીણા બંદોપાધ્યાય દ્વારા સંયુક્ત રાષ્ટ્રબાળ અધિકાર સંમેલન અને સર્વગ્રાહી વિકાસનું લક્ષ્ય અંગે પ્રેઝેન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

આ પરિસંવાદનું આયોજન અને સ્વાગત પ્રવચન યુનિસેફ કોમ્યુનિકેશન ઓફિસર શ્રી અંકુશ સિંઘે કર્યું હતું. જયારે આભારવિધિ જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના નાયબ માહિતી નિયામક શ્રી નરેશભાઈ એલ.ચૌધરીએ કરી હતી. સેમિનારમાં મિડીયાના મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.







આંતરરાજ્ય કબડ્ડી સ્પર્ધા : ગાંધીનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે આંતરરાજ્ય કબડ્ડી સ્પર્ધાનો શુભારંભ થયો. આજકાલ ગુજરાતમાં કબડ્ડીનો મહિમા જોરશોરથી ચાલે છે. કબડ્ડીનો વિશ્વકપ સ્પર્ધા હજુ ગયા મહિને જ સંપન્ન થઈ છે ત્યાં આંતરરાજ્ય કબડ્ડી સ્પર્ધા આરંભાતા કબડ્ડીના ખેલાડીઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તે છે.

## પાંચ લાખ ફિક્સ પગારદારોને પૂર્ણ વેતન આપવા કોંગી તૈયાર

અમદાવાદ, તા.૧૯

સ્વ. ઈન્દીરા ગાંધી જન્મ જયંતિના ઐતિહાસિક દિવસે ગુજરાતના યુવાનોના હક અને અધિકાર માટે નવસર્જન યુવા રોજગાર અધિકારની સાથે રાજયના યુવાનો માટે વિસ્તૃત જાહેરાત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે અમદાવાદ ખાતે સુયંક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોંગ્રેસના શાસન સમયે ૮૦ ટકા સ્થાનિક રોજગારી ઉપલબ્ધ કરાવવા માટેની જોગવાઈ હતી જે ૨૦૦૧થી તત્કાલિન મોદી સરકારે આ નિયમોનું સંપૂર્ણ ઉલ્લઘન કરીને સ્થાનિક યુવાનોને રોજગારીથી વંચિત રાખવાનું કાવત્રુ કર્યું છે. જે આજદિન સુધી અમલમાં છે. યુવાનો એ કોઈપણ રાજયનું અમુલ્ય ધન હોય છે.

ગુજરાતની ભાજપ સરકારને આ યૌવનધન સામે જોવાની નવરાશ પણ નથી કે ચિંતા પણ નથી. વર્ષ ૨૦૦૦થી ગુજરાતની પ્રજાની દશા બેઠી હોય તેમ લાગે છે. તેમાંય શિક્ષિત બેરોજગારીની હાલત તો કફોડી થઈ છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વ.પ્રસિદ્ધિના પાડેલ ચીલે ચાલીને ભાજપ સરકારે વાયબ્રન્ટ બ્રાન્ડના નામે તાયફા કરી કરોડો રૂપિયા વેડફયા, પરંતુ ન તો ઉદ્યોગો આવ્યા કે ન તો યૌવનધનને નોકરીની તકો ઉભી થઈ. પરિણામે નોકરીઓ આપવાના ભાજપના વચનો પોકળ સાબિત થયા છે.

રાજયમાં ભાજપ સરકારની નિતીની કારણે ૫૦ લાખથી વધુ યુવાનો બેરોજગારની ખપ્પરમાં હેરાન પરેશાન થઈ રહ્યાં છે અને સરકારની સામે છેલ્લાં ૧૫ વર્ષથી આશાભરી નજરે મીટ માંડીને જોઈ રહ્યાં છે પણ તેમની આશા ઠગારી નીવડી છે. મોટી મોટી જાહેરાતો રોજગારીના દાવા કરતી ભાજપ સરકારે ગુજરાતના યુવાનો સાથે છેતરપીંડી કરી છે. પેટે પાટા બાંધીને મા-બાપ પોતાના બાળકોને શિક્ષણ આપતા હોય છે. ગુજરાતમાં શિક્ષણ અતિ મોંઘુ છે. ટ્યુશન પ્રથા, મોંઘી ફી, ડોનેશન પ્રથાથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને શિક્ષણ મેળવવું કઠિન બની ગયું છે.

પરંતુ ભાજપની શોષણખોર માનસિકતાને કારણે વેઠિયા મજુર જેવી, ફિક્સ પગાર પ્રથા, કોન્ટ્રેક્ટ સિસ્ટમ અને આઉટ સોર્સીંગ જેવી વ્યવસ્થા દ્વારા ભાજપ સરકાર બેરોજગાર યૌવનધનના ઘા ઉપર મીઠું ભભરાવવાનું કામ કરી રહી છે. સરકાર પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાંખી, શિક્ષણ અને સમાજનું નુકસાન કરી ગુજરાતના વિકાસના મોડેલના ડાકલા વગાડી સંતોષ માની રહી છે.

## જિલ્લાના નાંદોલ અને માણેકપુર ખાતે 'સેવા સેતુ' ના કાર્યક્રમમાં રજૂઆતોનો નિકાલ કરાશે

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઝડપી ઉકેલ માટે રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દરેક તાલુકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું છે કે, સેવા સેતુ કાર્યક્રમ દહેગામ તાલુકાના નાંદોલ અને કલોલ તાલુકાના માણેકપુર ગામ ખાતે તા. ૨૩/૧૧/૨૦૧૬, બુધવાર સવારના ૧૧.૦૦થી સાંજના ૫.૦૦ કલાક પ્રાંતઅધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ સેવા સેતુ કાર્યક્રમ નાંદોલ ખાતે યોજાશે. જેમાં નાંદોલ, સાણોદા, વડવાસા, હાલીસા, સલકી, અંગુથલા, વાસણા ચૌધરી, ચેખલાપગી, ઓત્તમપુર, કંથારપુરા, બિલમણા અને જલુન્દ્રા નાના એમ કુલ- ૧૨ ગામોમાં યોજાશે.

કલોલ તાલુકાના માણેકપુર ખાતે તા.ર.ફુ.શાહ હાઈસ્કુલ, બળિયાનગરમાં યોજાનાર સેવા સેતુ કાર્યક્રમમાં માણેકપુર, અંબોડ, દેલવાડ, બદપુરા, ગલથરા, અમરાપુર(ગ્રા), લીંબોદરા, રાજપુરા, ધોળાકુવા, તથા ભીમપુરા એમ કુલ- ૧૦ ગામોના લોકો ભાગ લેનાર છે. આ ગામોના લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો નિકાલ કરાશે. આવક, જાતિ, ક્રિમીલેયર પ્રમાણપત્રને લગતા દાખલાઓ, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, મા અમૃતમ યોજના તથા વાત્સલ્યકાર્ડમાં લાભાર્થીઓની નોંધણી અને કાર્ડ ઈસ્યુ કરવા, કૃષિ-પશુપાલન, સહકાર, ગ્રામવિકાસ પંચાયત, સમાજકલ્યાણ, આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળના વ્યક્તિલક્ષી લાભો માટેની અરજીઓ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, સ્કોલરશીપ યોજનાઓ, વિધવા સહાય અને વૃધ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ તથા જમીન માપણી અને નવી નોંધ દાખલ કરવાને લગતી અરજીઓની રજૂઆતોનો સેવા સેતુ કાર્યક્રમમાં નિકાલ કરાશે.